# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૩ • તા. ૨૪ મે થી ૩૦ મે ૨૦૨૫


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા
## જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખોડખાંપણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણ પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્તા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુઃખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દૂર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુઃખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારોને વળણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્‌ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે, હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુઃખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી કયો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# બહુ રત્ના વસુંધરા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પૃથ્વી એટલે અવનિ, વસુંધરા અનેક રત્નોની જનની છે. પૃથ્વી પથ્થર સમાન કિંમતી ચળકતા રત્ન, જીવન માટે જરૂરી અન્ન પણ આપે છે અને અમૃત સમાન જળને પોતાના પેટાળમાં સંગ્રહી રાખી જરૂરતના સમયે આપણને પાછા આપે છે. પૃથ્વી આપણને કિંમતી બહુમૂલ્ય પથ્થર જેવા રત્નો-મણિ આપે છે તો જીવન માટે જરૂરી રોજિંદા ખોરાકમાં વપરાતું ધાન્ય આપે છે. આ બંન્ને રત્નો જ છે. પરંતુ બંન્નેની ભૂમિકા ભિન્ન ભિન્ન છે.

જ્યાં સુધી જીવનને લાગે વળગે છે ત્યાં સુધી માનવજાતિ માટે અન્ન ખૂબ જરૂરી છે. ઉપનિષદમાં તો બ્રહ્મ શું છે તેનું નિરૂપણ કરવાની પ્રક્રિયાની શરૂઆત અન્નથી થાય છે. એવું લખાવું છે. એટલે અન્ન બ્રહ્મ છે. કારણ કે અન્ન થકી જ જીવન સર્જનના તત્વો અસ્તિત્વમાં આવે છે. જીવનનું સર્જન થાય છે. જીવનનું પોષણ થાય છે અને જીવન કાર્યરત રહે છે.

અન્ન મૂલ્યના દ્રષ્ટિએ નહીં પણ તેના કાર્યને કારણે તેને બહુમૂલ્ય રત્ન કહી શકીએ છીએ. અન્ન થકી જીવન ટકી રહે છે. અન્નમાં રહેલાં વિવિધ પ્રકારના રસથી શરીરને તંદુરસ્તી તથા શક્તિ મળે છે. અન્ન થકી જ જાત જાતના રસ ઉત્પન્ન કરી માનવીએ ખોરાકમાં રસિકતા સ્થાપિત કરી છે. અન્ન ખોરાક પણ છે અને દવા પણ. અન્ન જીવન માટે જરૂરિયાત પણ છે અને વેપારનો વિષય પણ છે. મૂળભૂત રીતે અન્ન જીવન પોષક તત્વ છે અને તેથી રત્ન જેવો તેનો દરજ્જો છે.

વસુંધરા કીંમતી રત્નો આપે છે તો કાળા રત્ન કહેવાતા કોલસા, અબરખ, સિંધવલૂણ અને વિવિધ ખનિજોનો ભંડાર પોતાના પેટાળમાં ધરબી રાખેલ છે. લિગ્નાઈટ, ડોલો માઈટ, ચૂના ખડક, અબરક, સિલિકા રેતી, ચિરોડી, ફાયર ક્લે, બેન્સેનાઈટ ચાઈના ક્લે, ફોસ્ફોરાઈટ, સિડે રાઈટ, ડાયનાઈટ, સિલિમેનાઈટ જેવા ખનિજો તથા બળતણ ઉપયોગી ખનિજો, અણુ ખનિજો કહી શકાય એવા યુરેનિયમ, થોરિયમ અને કીંમતી ધાતુમાં પ્લેટિનમ, સોનું વગેરે ઉપરાંત તાંબું, સીસું, જસત, ચૂના ખડક, ચોક, ગ્રેફાઈટ, ગ્રેનાઈટ, મેગેનીઝ, ગ્રેફાઈટ, શંખજીરૂ, એસ્બેસ્ટોસ ઈત્યાદિ કીંમતી ધાતુઓ પણ આપણને આપ છે. એટલે જ બહુ રત્ના વસુંધરા કહેવાઈ છે. પૃથ્વીના પેટાળમાંથી કુદરતી મળી આવતું તેલ એટલે કે પેટ્રોલિયમ પણ મળે છે. જેમાં અમુક પ્રક્રિયા કરી, ગેસ, ડીઝલ, મીણ, વેસેલિન, પેટ્રોલ, ડામર જેવા પેટા ઉત્પાદનો મળે છે. જે આજે જરૂરિયાત જેવા બની ગયા છે.

રત્નની સાચવણી જરૂરી છે, આભ પાણી વરસાવે છે. પણ તેનો સંગ્રહ ભવિષ્ય માટે પૃથ્વી તેના પેટાળમાં કરી રાખે છે. જીવન માટે પેટાળમાં કરી રાખે છે. જીવન માટે હવા, પાણી અને અન્ન જરૂરી છે. એટલે પાણી પણ રત્ન સમાન છે. હવા વગર જીવનું અસ્તિત્વ માત્ર પાંચ-દસ મિનિટ સુધી જ ટકી રહે. પાણી વગર જ ૫ દિવસ પર્યંત તો અન્ન વગર ૬-૭ અઠવાડિયા સુધી જ જીવન ટકી શકે છે. આ સર્વ સાધારણ તારણ છે. પણ તપસ્વી લોકોની વાત જુદી છે. તેમનું તપોબળ તેમનું અસ્તિત્વ જુદા સ્તરે હોય છે. પણ સામાન્ય સર્વ ધારણ માનવો માટે પૃથ્વીના અન્ન અને પાણી અને કુદરતની ભેટ હવા જરૂરી છે. આ રત્નોની સાચવણી જરૂરી છે. જેથી પેઢી દર પેઢી સુધી તેની ઉપયોગિતા સરળતાથી સૌને મળી શકે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

||卐||

શ્રી અનંતનાથાય નમઃ

અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ

# ભાવભર્યું આમંત્રણ

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત**

નિર્માણાધિન

## શેઠ રાયચંદ ધરમશી ભવન

# શિલાન્યાસ

**દિવ્ય કૃપા - આજ્ઞા - આશિષ**

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ -

ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવી - વીર - મહોદાયસૂરિશ્વરેભ્યો નમઃ

**પાવન નિશ્રા:** પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગર મ.સા.

**શ્રમણી વૃંદ :** પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા




શુભ ઘડી: વિ.સં.૨૦૮૧, જેઠ સુદ ૧૦ **તા.૦૫ જૂન, ૨૦૨૫ ગુરુવાર**
સવારે ૭.૦૦ કલાકે

**શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવન**ના ભવ્ય શિલાન્યાસ મહોત્સવની
પવિત્ર, ઐતિહાસિક અને હૃદયસ્પર્શી ઘડી આવી છે...
અમદાવાદના દરેક જ્ઞાતિબંધુના હૃદયમાં વસેલા એક લાંબા સ્વપ્ન ને આજે સાકાર રૂપ મળે છે,
પવિત્ર આશય, અડગ નિશ્ચય અને અનન્ય ભક્તિભાવથી ભરેલા દાનવીર દાતાશ્રીઓના અદભુત સહયોગથી.
આ ભવન નવો દેવસ્થાન, ગુરુસ્થાન અને જ્ઞાતિસ્થાન છે જ્યાંથી ધર્મ, સંસ્કાર મહેકશે
જ્ઞાતિના ઉત્થાનની આગવી જ્યોત પ્રગટશે, અને ભવિષ્યની પેઢી પેઢી સુધી આ ભવ્ય સંચાલન યાત્રા ચિરસ્મરણીય બની રહેશે.

**આ અનમોલ ક્ષણે, આપ સૌ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.**

દાતાશ્રીઓ તમારું દાન – આપની શ્રદ્ધાનું દર્શન છે, જેણે આજે ભવિષ્યના અસ્તિત્વને શાશ્વત બનાવી દીધું છે.

**શુભ સ્થળ:**

**શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત**

**શેઠ રાયચંદ ધરમશી ભવન**

દીપાવલી સોસાયટી ની સામે, પી ટી ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ.

**નિમંત્રક : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.**

મેં.ટ્રસ્ટીશ્રી ગુલાબ ધનજી દંડ - પરજાઉ અમદાવાદ. 78780 97078
પ્રમુખશ્રી જીતેન્દ્ર દેવજી ખોના - આરીખણા, અમદાવાદ 98250 34785
સેક્રેટરીશ્રી રાજેશ ખીમચંદ ધરમશી - જશાપર, અમદાવાદ. 99250 38896

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું






**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન આયોજિત અને શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ સંચાલિત તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગલોરના યજમાન પદે ''જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન બેંગલોર ખાતેના કચ્છી ભવનમાં તા. ૧૮.૦૫.૨૦૨૫ ના બપોરે ૨.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું.**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગલોરના પ્રમુખશ્રી સતીશ દેવજી શાહ (મૈશેરી) દ્વારા પધારેલ સર્વે મહાનુભાવો તથા સભ્યોનું હાર્દિક સ્વાગત કરેલ તથા સમસ્ત મહાજન ના સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કીર્તિભાઇ ધરમશી, શ્રી ડી.બી.કે.ડી.ઓ. જૈન એકમના પ્રમુખશ્રી પૂનમચંદ ધરમશી તથા કમિટી મેમ્બર શ્રી હેમાંગભાઈ મોમાયાને મંચસ્થ કરાયા હતા.

ત્યારબાદ સર્વે મંચસ્થ મહાનુભાવો દ્વારા શેઠશ્રી નરશી નાથાની છબીને વંદન કરીને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પૂનમચંદ ધરમશી દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવેલ અને નવકાર મંત્રના પઠન બાદ ચર્ચા સત્ર શરુ કરવામાં આવેલ.

**સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ** દ્વારા સૌનો વિશિષ્ઠ આભાર વ્યક્ત કરવામાં આવેલ અને જ્ઞાતિ ચિંતન શિબિર દ્વારા જ્ઞાતિના જટિલ પ્રશ્નો અને તેના નિરાકરણ વિશે જણાવ્યું હતું. જેમાં મુખ્યત્વે ત્રણ પ્રશ્નો હતા ૧) જ્ઞાતિજનોની ઘટતી વસ્તી ૨) સગપણ અને લગ્ન ૩) છુટા છેડા.

પધારેલ સર્વે સભ્યોને નિ:સંકોચપણે કારણો તથા તે અંગેના સુઝાવ જણાવવા અનુરોધ કર્યો હતો.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું



ચર્ચા સત્ર શરૂ કરતા પેહલા તેમણે જણાવ્યું હતું કે જ્ઞાતિના ચતુર્થ સંમેલન, નલિયા ખાતેની સફળતા રૂપે સમસ્ત મહાજનની વિવિધ સ્કીમો અને તેમની અત્યારસુધીની કામગીરીની સવિસ્તાર માહિતી આપી હતી.

પધારેલ સર્વે સભ્યોએ પ્રથમ પોતપોતાનો પરિચય આપ્યો હતો અને ત્યારબાદ ચર્ચા શરુ કરવામાં આવી હતી.

**ટૂંકો જન્મ દર, સગપણ અને છુટ્ટા છેડા ત્રણેય મુદ્દે મિશ્ર ચર્ચા :**

**શ્રી રાજેન્દ્રભાઈ શાહ :** ઓછા બાળકો કરવા માટે મોંઘવારી એ કોઈ મોટું કારણ નથી, જ્ઞાતિની દીકરીઓનું શિક્ષણ ખુબજ છે અને આર્થિક રીતે પગભર હોય સમસ્યા વધુ વકરી છે અને છોકરીઓ બીજી જ્ઞાતિ તરફ વધુ આકર્ષિત થઈ છે તે વાસ્તવિકતા છે.



**શ્રીમતી નિર્મલાબેન શાહ :** હાલના સમયમાં પતિ પત્ની બંને કામ કરતા હોય  અને એકલા રહેતા હોવાથી અને પરિવારના અભાવે વધુ બાળકો કરવાથી દૂર રેહવું એવી માનસિકતા ધરાવે છે.

**શ્રી રાજેશભાઈ મોમાયા :** આજકાલ લગ્નો ૨૯ થી ૩૨ વર્ષની ઉંમરે  થાય છે એ વધુ ચિંતાજનક છે, ખરેખર જ્ઞાતિના છોકરા – છોકરીના લગ્નો ૨૨ થી ૨૫ વર્ષની ઉંમરે થવા જોઈએ , લગ્નો વેહલા થશે તો બાળકો પણ જલ્દી થશે અને ઘટતી વસ્તીમાં ઉમેરો ઉત્સાહજનક રહેશે.

**શ્રી ભરતભાઈ ધરમશી :** જ્ઞાતિના પરિવારોમાં આપણી સંસ્કૃતિ જીવંત હોવી જોઈએ, સંસ્કૃતિ વિના સારા સંસ્કારો મળવા મુશ્કેલ છે, આજના સમયમાં ફક્ત એકજ બાળકની જરૂરત રહી ગઈ છે જેનું કારણ પરિવાર અને સંસ્કાર નો અભાવ છે.

**અમિષા મુનવર :** આજના યુવાઓ પોતાના માટે સમય આપવાનું ખુબજ વિચારે છે, સ્ત્રી બીજા બાળક માટે ખરેખર તૈયાર નથી અને પશ્ચિમી સંસ્કૃતિ વધુ અપનાવે છે.

**પ્રિયંકા :** અમુક પરિવારોમાં રૂઢિચુસ્તતાની માનસિકતા ચરમ પર હોય છોકરીઓ એક થી વધુ વધુ બાળકો કરવા  તૈયાર જ નથી થતી.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું



**શ્રી રાજેશભાઈ મુનવર :** આજની યુવા પેઢી તેમના કેરિયર તરફ વધુ ધ્યાન આપે છે, સ્વતંત્રતા અને આધુનિકતાનું મહત્વ વધી ગયું છે.



**શ્રી પૂનમચંદ ધરમશી :** રાજેશભાઈ મુનવરની વાતને સમર્થન આપ્યું અને જણાવ્યું કે ખરી ખોટ તો પરિવાર અને સંયુક્ત પરિવારની છે, અને તેને લીધે યુવાઓ આપણા ધર્મથી પણ ઘણા દૂર છે. ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર, પરિવાર એ મૂળભૂત પાયાઓ છે તેને અવગણીને આધુનિકતા ને નામે આ દરેક વિષયે જ્ઞાતિનું પતન થઈ રહ્યું છે.

**શ્રી હેમાંગભાઈ મોમાયા :** આજની યુવા પેઢી સમાજ માટે નથી વિચારતી તેઓ સ્વકેન્દ્રીય થઈ રહ્યા છે, પોતપોતાની જિંદગી અને તેની ગુણવતા અને ને આધુનિકતા ને વધુ પ્રાથમિકતા આપવા માંડી છે.

શ્રી નિશીથભાઈએ જણાવ્યું કે બાળ જન્મ,નિઃસંતાન દંપતી, લગ્નની વય ધરાવતા ૨૨ થી વધુ ઉંમરના જ્ઞાતિના યુવાઓનું ડેટા તૈયાર કરવું પડશે અને તેની સંપૂર્ણ જવાબદારી જે તે ક્ષેત્રના એકમ અને તેની અંતર્ગત આવતા મહાજને લેવી જોઈએ અને બંને એ મળીને આ કામગીરી આગામી ત્રીસ દિવસોમાં એક સમિતિ બનાવીને વિગતો મેળવવી જોઈએ, જેમાં મુખ્યત્વે ૪ (ચાર) ઉત્સુક સભ્યો  હોવા જોઈએ.

**શ્રી સતિષભાઈ શાહ :** એક થી વધુ બાળકો માટે જો કોઈ પરિવવારને આર્થીક તકલીફ હશે તો સ્થાનિક મહાજન અથવા એકમ તેમને મદદ કરવા તૈયાર રહેશે.,કોઈપણ પરિણીત યુગલો ને બે બાળકો જરૂરથી કરવા જોઈએ એ બાબતપર ધ્યાન આપવું જોઈએ.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું

**શ્રી મિતેશભાઈ લોડાયા :** યુવાઓમાં ધાર્મિક અભ્યાસ હોવું જોઈએ, જો સંતાન ના જોઈતા હોય તેવા લોકોએ લગ્ન જ ન કરવા જોઈએ, સંયુક્ત પરિવાર અદ્રશ્ય થઇ રહ્યા છે, આધુનિક જીવન, વૈભવી જીવનશૈલી અને સમાજ માં જોડાવું નહિ એવી આજના યુવાઓની માનસિકતા થઇ રહી છે, વિચારધારા બદલવી જરૂરી છે.





**શ્રી રાજેન્દ્રભાઈ શાહ :** જેઓ નિ:સંતાન દંપતી છે તેઓ બાળકને દત્તક લઈને પણ સુખી સંસારની અપેક્ષા પરિપૂર્ણ કરી શકે છે.

**શ્રી પૂનમચંદ ભાઈ ધરમશી :** સગપણ માટે પણ આગાઉ જણાવેલ કારણો મૂળભૂત રીતે અગ્રસ્થાને છે. સર્વેને પોતાની અગ્રતા,આધુનિકતા વધુ પડતી ગમવા લાગી છે.

**શ્રી હેમાંગભાઈ મોમાયા :** આપણી જ્ઞાતિમાં આંતરજ્ઞાતિય લગ્નો વધુ થાય છે જે બહુ ચિંતાજનક બાબત છે, આપણે સગપણ સેતુ અથવા છોકરા-છોકરીઓના સગપણ થાય તે હેતુથી યુવા મિલનના યોજવા જોઈએ, કંઈક અનોખી રીતે યુવાઓ માટે મેળાવડો કરવો જોઈએ જેમાં તેઓ પરસ્પર ફક્ત એટલું ઓળખે કે આપણે બધા કેડીઓ જ્ઞાતિના છીએ, મુક્તપણે મળવા દયો આપસમાં વિચારોની આપ-લે કરવા દેવાથી થોડું તેમનું માનસ બદલશે અને કદાચ તેનું સારું પરિણામ આવશે, આગામી નવરાત્રી જેવા દિવસોમાં હૈદરાબાદ મહાજન તરફથી એક એવું મનોરંજક કાર્યક્રમ હૈદરાબાદ ખાતે યોજવાની તૈયારી બતાવી હતી જેમાં વય મર્યાદા લગભગ ૧૬ થી ૨૫ વર્ષની હોવી જોઈએ.

**મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કીર્તિભાઈ ધરમશી :** આગામી ટૂંક સમયમાં આ પ્રકારના યુવા મિલન એકમ દ્વારા યોજવામાં આવશે જેની રૂપરેખા યુવાઓની પસંદગી પ્રમાણે હશે જેથી વધુ યુવાઓ જોડાઈ શકે.

**શ્રી સતિષભાઈ શાહ :** ખરેખર તો જ્ઞાતિના દરેક ખાસ કરીને ૨૨ વર્ષ થી ઉપરના યુવાઓએ સમાજ સાથે જોડાવું જોઈએ, દરેક યુવાઓ અને એમના માતાપિતાની આ નૈતિક જવાબદારી છે. સમાજ એમને જોડવા કાર્યક્રમો કરતા રહે એવું જરૂરી નથી.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું




**શ્રીમતી હેમાબેન છેડા :** સગપણ જેવી બાબતોમાં માતાપિતાની મહત્વની ભૂમિકા છે તેમના બાળકો આંતરજ્ઞાતિય લગ્નો તરફ ના જાય તે જોવાની અને સમજાવવાની ફરજ છે.

**શ્રી મિતેશભાઈ ધરમશી :** લગ્નો વેહલા થશે તો બાળકો સમયસર થશે અને તેમ કરતા વસ્તી વધશે અને આગામી સમયમાં પસંદગીઓ પણ વધશે.

**શ્રી શરદભાઈ મોમાયા :** છોકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવતી થઈ ગઈ છે, કમાણી પણ સારી એવી હોય તેઓ પોતાની મનપસંદ વ્યક્તિ અને સુખદ ભવિષ્યની કામનામાં ઈતર જ્ઞાતિમાં જવા તૈયાર હોય છે, જયારે આપણા છોકરાઓનું શિક્ષણ સામાન્ય સુધીનું છે અને વંશપરંપરાગત ધંધામાં જોડાવાને લીધે તેની ક્ષમતા પર છોકરીઓને શંકા હોય છે જેને લીધે આંતરજ્ઞાતિય લગ્નો વધી રહ્યા છે.

**શ્રીમતી નિર્મળાબેન શાહ :** આજકાલ યુવાઓમાં એકબીજાનો પ્રભાવ અને સ્થિતિ જોવાની ઘેલછા વધી રહી છે જે બાબત જાગૃતિ કેળવવાની જરૂર છે.

**શ્રી ચેતનભાઈ મુનવર :** જ્ઞાતિના લગ્નોત્સુક યુવાઓની પૂર્ણ માહિતીઓ વિગત સાથે મળવી જરૂરી છે જેથી ભવિષ્યમાં બનનારી ઘટનાઓને નિવારી શકાય.

**શ્રી ભરતભાઈ ધરમશી :** મહાજન લેવલે યુવાઓ માટે પ્રવૃતિઓ થવી જોઈએ જેથી કરીને યુવાઓ સમાજમાં (મહાજનમાં) રાજીખુશીથી જોડાઈ શકે જે માટે તેમના ઉપર માતાપિતાનું દબાણ ના હોય.

**શ્રી પૂનમચંદ ધરમશી :** શ્રી બેંગલોર મહાજન અને શ્રી સમસ્ત મહાજન આગામી સમયમાં એક યુવાઓ માટે વાર્ષિક કાર્યક્રમ કરે જેમાં વધુ યુવાઓ જોડાઈ શકે.

**શ્રી વિરેનભાઈ ખોના :** આપણી મહાજનની કમિટીમાં આ યુવાઓ બાબતની કાર્યવાહી (અજેન્ડા) હોવો જોઈએ અને તે બાબતનો પ્રભાવ પણ યુવાઓ પર જરૂર પડશે.

Conclusion :

સમગ્ર ચર્ચા દરમ્યાન વિવિધ મહાજનોથી પધારેલ સભ્યોના વ્યક્તિગત વિચારોને સાંભળી અને તેના તારણ પરથી ચર્ચા માટેના આ મંચ પરથી શ્રી નિશીથભાઈએ જણાવ્યું કે આજના યુવાઓને આકર્ષિત થાય તેવા કાર્યક્રમ નાના પાયે શરૂ કરવા માટે મહાજન લેવલે આ કામ થવું જોઈએ અને તેને સંપૂર્ણ સહકાર એકમ દ્વારા આપવામાં આવે. એકમ અને મહાજને સાથે મળીને કરવું જોઈએ. અને અગાઉ જણાવ્યા મુજબ નિશિતભાઈએ નીચે મુજબની ચાર સભ્યોની સમિતિ રચીને પ્રશ્નોના નિવારણ માટે જણાવ્યું હતું.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨ નું આયોજન થયું




**૧) સગપણ :** ચાર સભ્યોની એક સમિતિ રચીને ૨૨ વર્ષ થી ૩૨ વર્ષ સુધીના લગ્નોત્સુકયુવાઓના ડેટા તૈયાર કરવા જોઈએ અને તેમની એક સારી પ્રોફાઇલ બનાવવી જોઈએ અને તે આગામી ૩૦ જૂન સુધી થવું જોઈએ, ત્યારબાદ તે ડેટા પરથી તેઓના પ્રોબ્લેમ વિષે પરામર્શ કરીને તેમના ઉકેલ ગોતવા જોઈએ.

**૨) ઘટતી વસ્તી :** જેઓ નિઃસંતાન દંપતી છેતેમને બાળક દત્તક લેવા માટે પ્રેરણા આપવી તથા જે નવા નવયુગલો છે અને સંતાન નથી તેઓને IVF  ટેક્નોલોજી થી માહિતગાર કરવા અને તે માટે તેના થતા ખર્ચને પહોંચી વળવા માટે સ્થાનિક મહાજન તથા એકમ પણ મદદ કરશે અને તેમના સ્વાસ્થ્ય ને પણ કોઈ નુકશાન નથી થાય તેવું સમિતિના સભ્યો દ્વારા જાણકારી આપવામાં આવે.

**૩) છુટ્ટા છેડા :** ચિંતન શિબિર-૧માં આવેલ સૂચન મુજબ BJS (ભારતીય જન સંગઠન) સાથે પરામર્શ માટેના સેમિનાર કરી શકાય છે જેનાથી નાની નાની બાબતોમાં છુટ્ટા છેડા થતા અટકશે જે આપણા સમાજ માટે ખુબજ ઉપયોગી નીવડશે.

વધુમાં જણાવ્યું કે શ્રી જતીન મુનવર એક પ્રોગ્રામ યુવાઓમાટે આપશે તેના પરથી પણ કંઈક સમાજઉપયોગી નિર્ણય લઇ શકાશે.વર્ષ દરમ્યાન બેંગલોર, હૈદરાબાદ, હુબલી તથા કોઇમ્બતુર સ્થાનિક લેવલે યુવાઓના કાર્યક્રમ કરશે.

શ્રી નિશીથભાઈ દંડે સર્વે મહાજનના પધારેલ પદાધિકારીઓ, પ્રતિનિધિઓ અને સભ્યોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને વિશેષતઃ શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગલોરના યજમાનપદની સાથે વ્યવસ્થાની પ્રસંશા સહ આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ રાખવામાં આવેલ સંધ્યા ભોજન (ચોવિહાર) કર્યા બાદ સૌ છુટ્ટા પડ્યા હતા.







Online Mudra Vigyan Seminar Date : 7th June 2025 at 9 pm.

Please register yourself by joining the group.

**ઉપરોક્ત સેમિનારમાં જોડાવવા માટે નીચે આપેલ લિંક ક્લિક કરો.**

https://chat.whatsapp.com/Bcv5Ml44W456mOKj0oxTXz

# તિરૂપુર ખાતે સતિશ હંસરાજ નાગડાના વ્યવસ્થાપન હેઠળ મેડિકલ કેમ્પનું આયોજન થયું

પ્રાચી એક્સપોર્ટના એમ.એમ.આર.સતિષ હંસરાજ નાગડાના વ્યવસ્થાપન હેઠળ પ્રાચી એક્સપોર્ટસ કરુમારમપલયમ તિરૂપુર સ્થિત મુખ્ય કાર્યાલય સ્થળે રોટરી સેલિબ્રેશન અને રેવતી હોસ્પિટલ તિરૂપુરનાસંયુક્ત આયોજન હેઠળ જનરલ પબ્લિક તેમજ પ્રાચી એક્સપોર્ટસના કામદારો માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં બી.પી., સુગર, ઈસીજી, ઈકો સાથે જનરલ ચેકઅપ કરાયું.

પ્રાચી એક્સપોર્ટસના સીઈઓ દીપક છેડા અને આરટીએન રશિનાસામી એ કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ.જૈન વિમલ મહિલા મંડળ વડોદરા દ્વારા વાસ્તુ પૂજા ભણાવાઈ



તા.૧ મે ગુરૂવારના રોજ ટિકીટાર ઈન્ડસ્ટ્રીલ વડોદરાના શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ કાંતિલાલ મોતાના નવા બંગલામાં શ્રી ક.દ.ઓ.જૈન વિમલ મહિલા મંડળ વડોદરાની બહેનોએ વાસ્તુ પૂજા ભણાવેલ. જેમાં બહોળી સંખ્યામાં મંડળની બહેનો હાજર રહી હતી. સૌ જિનલબેન પ્રતિકભાઈ મોતાએ મંડળની બહેનોને સુંદર ચણિયા ચોળીની સપ્રેમ ભેટ આપી હતી.

શ્રી ક.દ.ઓ.જૈન વિમલ મહિલા મંડળ વડોદરા દ્વારા મોતા પરિવરનો આભાર માન્યો હતો.

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન



**Kashvi Jignesh Mota**
91% (SSC)
Rapar Gadwari-Mulund



**Parth Manish Kankan**
93% (SSC)
Sandhan-Dombivli

# અનંત માર્ગદર્શન દ્વારા યુવકો માટે બેઝિક રસોઈ વર્કશોપ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પંચવર્ષીય દાતાઓના સહયોગથી અનંત માર્ગદર્શન દ્વારા રસોઈ દ્વારા જાણવા અને તેમાં રસ ધરાવતા યુવકો માટે વ્યવહારું અનુભવ અને પ્રેક્ટિકલ જાણકારી મળે એ માટે ૧૮ થી ૩૦ વર્ષ વય સુધીના યુવકો માટે અનુભવી એક્ષ્પર્ટ શેફ અંજલિ ધરમશીનો હેન્ડસ ઓન બેઝિક રસોઈ વર્કશોપનું આયોજન તા.૭ જૂન શનિવારના બપોર ૨ થી ૫ દરમ્યાન શેફ અંજલિ સ્ટુડિયો, ફ્લાઈંગ કલર્સ, ૪૧૦જે, પ્લેટિનમ હોસ્પિટલની ઉપર મુલુંડ વેસ્ટ મધ્યે કરાયું છે. મર્યાદિત સીટ હોવાથી તાત્કાલિક રજિસ્ટ્રેશન કરાવવું. રજિસ્ટ્રેશન ફી રૂા.૫૦૦ રીફંડ પાત્ર.

વર્કશોપમાં શા માટે જોડાવું જરૂરી છે? ● ખાસ કરીને જેઓ શિખાઉ છે તેમની માટે ખાસ ડિઝાઈનીંગ કરાયું છે. ● આવશ્યક, સ્વસ્થ અને ઝડપથી તૈયાર થતી શાકાહારી વાનગીઓ શીખવાશે. ● પાક કલા કરવા માટે આત્મવિશ્વાસ સાથે સ્વતંત્રતામાં વધારો. ● મનોરંજક ઈન્ટરેક્ટિવ અને સંપૂર્ણ પણે હાથવગી ઉપયોગી કલામાં માહિરત મેળવવા માટે અનંત માર્ગદર્શન ટીમ લોપા નાગડા, મનીષા લાલકા અને જયેશ મોમાયા દ્વારા આયોજન.



# ભુજ નજીક વર્ધમાનનગર-કચ્છ મધ્યે દાતાશ્રીઓનાં સહયોગથી કે.ડી.ઓ. સમાજવાડીનું સ્વપ્નું સાકાર થઈ રહ્યું છે

ભુજ નજીક ભુજથી ૭ કિલોમીટરનાં અંતરે વર્ધમાનનગર વસેલું છે. ભુજ-અંજાર માર્ગે ભુજથી માધાપર પછી વર્ધમાનનગર આવે છે. અહીં કચ્છી દશા ઓશવાળ જૈન આપણી જ્ઞાતિનાં ૭૫ પરિવારો રહે છે. અહીં એક જ જગ્યાએ વર્ધમાનનગરે મીની અબડાસા વસ્યું છે. હજુપણ દર વર્ષે આપણી જ્ઞાતિનાં ઘરો (પરિવારો) ની સંખ્યા વધતી જાય છે ભુકંપ પછી નિર્માણ પામેલ વર્ધમાનનગર મધ્યે અત્યારે જૈનોના ૫૦૦ ઘર ખુલ્લા છે. અહીં ક.દ.ઓ. સમાજની વસ્તી ૨૩૦ ની જણ સંખ્યા છે.

પૂજ્ય ગુરૂભગવંતો અને શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પ્રેરણાથી તથા દાનવીર દાતાશ્રીઓના સહયોગથી વર્ધમાનનગર-કચ્છ મધ્યે કે.ડી.ઓ. સમાજવાડીનું સ્વપનું સાકાર થઇ રહ્યું છે. દાતાશ્રીઓનાં દાનની નામાવલી આભાર સાથે આગળનાં અંકમાં પ્રસિદ્ધ કરાશે.

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર મુખ્ય દાતાશ્રીનું નામ (રૂપિયા ૨૫ લાખ) મળી ગયેલ છે. કે.ડી.ઓ. ભવન મુખ્ય હોલ માટે દાતાશ્રી બે નું નામ (રૂપિયા ૧૫ લાખ) મળી ગયેલ છે. ઉપર ૪ રૂમ છે. જે પૈકી ૧ રૂમ માટે દાતાશ્રીનું નામ (રૂપિયા ૬ લાખ પચ્ચીસ હજાર) મળી ગયેલ છે. હવે ૩ રૂમ માટે દાતાશ્રીઓનો સહયોગ જરૂરી છે. એક રૂમનો નકરો રૂપિયા છ લાખ પચ્ચીસ હજાર છે. ૩ રૂમ માટે દાતાશ્રીઓને અનુદાન આપવા વિનંતી છે. મુખ્ય દાતાશ્રી, હોલનાં દાતાશ્રી, રૂમોનાં દાતાશ્રીનું નામ ગ્રેનાઇટ તકતી ઉપર અંકિત કરવામાં આવશે. કે.ડી.ઓ. ભવન (સમાજવાડી) આધુનિક ઢબની હશે. જેમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ હશે.

વર્ધમાનનગરમાં રહેતા પરિવારો માટે એક ખૂબ જ જરૂરી સુવિધા ઉભી થઇ છે. ભુજ અને ભુજ વિસ્તારમાં રહેતા સમાજવાસી પરિવારો તથા કચ્છ આવતા યાત્રિકો માટે એક સુંદર વ્યવસ્થા અહીં થઇ રહી છે. જેનો સૌને આનંદ છે.

પ્રેરણાદાયી પૂજ્ય ગુરૂભગવંતોનાં શુભ આશિર્વાદ અને એમની શુભ પ્રેરણાથી તેમજ શ્રેષ્ઠીવર્ય દાનવીર દાતાશ્રીઓનાં સહયોગથી એક મોટું કાર્ય પાર પડી રહ્યું છે. ભવિષ્યમાં અહીં ભોજનશાળા તથા એક રૂમ ઉપાશ્રય માટે બનાવવાનું આયોજન છે. સમાજનાં શ્રેષ્ઠીવર્યો અને દાતાશ્રીઓને આ કાર્યમાં ખૂટતી કડીઓ પૂરવા વિનંતી સાથે કરબદ્ધ પ્રાર્થના છે. આપનાં સ્વજન, સ્નેહીઓ, વડીલોની કાયમી યાદ સ્વરૂપે લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા વિનંતી છે.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ-વર્ધમાનનગર-કચ્છ. (તા. ભુજ)**

સંપર્ક નંબર

**પ્રબોધ હીરાચંદ મુનવર-૯૯૨૫૧૬૯૮૭૬**
**દિલીપ રતનશી મોતા-૯૪૨૭૨૪૯૫૪૯**
**તુષાર મણીલાલ જૈન-૯૮૭૯૬૦૦૮૬૮**
**રાહુલ બીપીન દંડ-૯૯૭૮૭૯૦૧૬૯**
**મહેન્દ્ર પદમશી લોડાયા-૯૩૧૫૬૫૦૬૭૯**
**હીરાચંદ લક્ષ્મીચંદ છેડા-૯૮૭૯૩૫૭૨૪૬**
**હરીશ શીવજી લોડાયા-૯૯૭૯૧૯૮૮૯૯**
**વિનય લઘુભાઇ હેફા-૯૯૭૮૩૨૩૬૦૭**
**અમીતા તુષાર જૈન-૯૯૨૫૨૨૬૨૪૮**

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા શાંતિ સ્નાત્ર નવા વર્ષના કાર્યની શુભ શરૂઆત કરાઈ



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની વ્યવસ્થાપક સમિતિ દ્વારા સંવત ૨૦૮૧, વૈશાખ વદ સાતમ (૭) રવિવાર, તા.૧૮ મે ૨૦૨૫ના રોજ મંડળના કાર્યાલયમાં નવા વર્ષના કાર્યની શુભ શરૂઆત શાંતિસ્નાત્ર પૂજાથી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે ભક્તિભાવ સાથે મંગલકાર્યની શરૂઆત થઈ હતી.

સવારે ૭:૦૦ કલાકે શ્રી જીરાવલ્લા પાર્શ્વ જિન મહિલા ભક્તિ મંડળની બહેનો દ્વારા સ્નાત્ર પૂજા સુંદર રીતે રાગ રાગીણી સહ અવનવા સ્તવનો દ્વારા ભણાવી હતી. આપણાં મંડળના સભ્ય શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલિયા) ઘણા સમયથી આ મહિલા મંડળ સાથે સંકળાયેલાં છે અને તેમનો યોગદાન પ્રસંશનીય છે.





સ્નાત્ર પૂજાનું ધર્મજીવનમાં મહત્વ ખુબજ ગહન છે. ભગવાનના અવતરણ પ્રસંગે શુભ સંકલ્પથી કરાતી આ પૂજા ઊર્જાવાન અને શાંતિદાયક છે.

પૂજ્ય શ્રી ક્ષમાલાભ રચિત આ શાંતિસ્નાત્રના એક શ્લોકમાં ઉલ્લેખિત ''નલિનપુર'' એટલે આજનું નલિયા છે. આ સ્નાત્રપૂજાની રચના નલિયામાં થઈ છે.

પૂજા પૂર્ણ થયા પછી શ્રી અમિત જેઠાલાલ ખોના (નલિયા) દ્વારા નવકારશીની સંપૂર્ણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ ઉપસ્થિત સભ્યોએ નવકારશી કરી હતી.

મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મેઘજી મોતાએ (વાડાપધર) રૂ.૧૦ની પ્રભાવના કરી ભક્તિપૂર્વક આ કાર્યક્રમને અનુમોદન આપ્યું હતું. ધાર્મિક સમિતિના કન્વીનર શ્રીમતી જિજ્ઞાબેન વિજય છેડા (સુજાપર)ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ભવ્ય અને સફળ રીતે સંપન્ન થયો હતો. આમ એક સુંદર પ્રભુ ભક્તિના કાર્યથી આ વર્ષની શુભ શરૂઆત થઈ હતી.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી મે-જૂન માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૪ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના જન્મ અને મોક્ષ કલ્યાણકની ઉજવણી |
| તા. ૨૫ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના દિક્ષા કલ્યાણકની ઉજવણી |
| તા. ૨૫ મે ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ યુવા ટીમ આયોજિત યુવા લહેર સુરજ વોટર પાર્ક, થાણે વય મર્યાદાઃ ૧૮-૩૮. મો. ૯૫૭૯૭૮૭૮૦૦ |
| તા. ૩૧ મે થી તા. ૧ જૂન ૨૦૨૫ | લાપશીયા પરીવારના રવા ગામે બિરાજમાન કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન પ્રેરિત અનંત માર્ગ દર્શન દ્વારા ધો. ૧૦ -૧૨ ના વિદ્યાર્થીઓ માટે કેરીયર પ્લાનીંગ સેમીનારઃ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ :મુંબઇ : રજીસ્ટ્રેશનઃ ૮૧૬૯૨૪૪૯૭૫ |
| તા. ૦૧ જૂન ૨૦૨૫ | શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસર, કોઇમ્બતુર ધ્વજારોહણ મહોત્સવ. લાભાર્થીઃ મા. કલ્પનાબેન કીર્તિભાઇ નરશી માવાણી મોમાયા પરીવાર (વરાડીયા) |
| તા. ૦૩ જૂન થી ૦૫ જૂન ૨૦૨૫ | શ્રી મોટી ખાવડી તીર્થ ૧૪૯ મુ ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવઃ લાભાર્થીઃ મા. સરોજબહેન માણેકજી રૂપશી લોડાયા પરીવાર. |
| તા. ૦૬ જૂન થી ૦૮ જૂન ૨૦૨૫ | નાની ખાવડીમાં બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલયની ૧૦ મી ધજા નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. તા. ૬ જૂન ૨૦૨૫ બપોરે શ્રી નવકાર જાપ, રાત્રે- ભાવના ૭/૬/૨૦૨૫ ૧૮ અભિષેક, રાત્રે ભાવના તા. ૮ જૂન ૨૦૨૫ સત્તર ભેદી પૂજા અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાની ધ્વજા |
| તા. ૦૭ જૂન ૨૦૨૫ | અનંત માર્ગદર્શન આયોજિત ૧૮-૩૦ વર્ષના પુરૂષો માટે Cooking Workshop : બપોરે ૨ થી ૫. અગાઉથી રજિસ્ટ્રેશન જરૂરી. વિગતો ઉપર ઇમેજમાં. |
| તા. ૦૮ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી નોટબુક, સ્કૂલ યુનિફોર્મ, સ્ટેશનરી, દફતર વિતરણ શૈક્ષણિક કાર્યક્રમ સવારના ૧૦ કલાકેથી માધવાશ્રમ હોલ. |
| તા. ૨૦ જૂન ૨૦૨૫ | નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ : ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિંગને જોડતી લિફ્ટનું ભુમી પુજન |
| તા. ૨૨ જૂન ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનઃ સ્નેહ મિલનઃ જૈનમ હોલ, ભાડુંપ : બપોરે ૪.૦૦ ક. થી. |
| તા. ૨૭ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયાઃ નુતન અતિથિ ભવન નવ નિર્માણઃ ભૂમિપૂજન, ખાત મુહુર્ત તથા મુખ્ય શિલાન્યાસ. સવારે ૯.૩૦ ક. ધર્મશાળા ફલિયા, નલિયા. |
| તા. ૦૬ જુલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલીઃ સાંસ્કૃતિક કાર્યક્રમ |

# શ્રી અનંત જિન અચલગચ્છ આરાધના ભવન સર્વોદય નગર મુલુંડ સંચાલિત રાઈઝીંગ સ્ટાર પાઠશાળામાં એડમિશન શરૂ

શ્રી અનંત જિન અચલગચ્છ આરાધના ભવન સર્વોદય નગર મુલુંડ વેસ્ટ સંચાલિત રાઈઝીંગ સ્ટાર પાઠશાળામાં ૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકોને જોડાવવા માટે એડમિશન ખૂલ્લું છે. અઠવાડિયામાં એક દિવસ માટે પાઠશાળા રહેશે.

માર્ગદર્શિકા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. દ્વારા જિનશાસનમાં એક અણમોલ સર્જન પાઠશાળા રૂપે કરાયું છે.

રાઈઝિંગ સ્ટાર પાઠશાળામાં બાળકોએ શા માટે જોડાવવું એ માટેના કારણોમાં ગુરૂ ભગવંતો દ્વારા તૈયાર કરાયેલ ૧૨ વષનો અભ્યાસક્રમ ● ૨૫૦ થી વધુ જૈન ધર્મના વિષયોની સરળ સમજ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ● વિવિધ વ્યવહારું પ્રવૃત્તિઓ ● અષ્ટપ્રકારી પૂજા-અનુષ્ઠાન વિગેરે ● ૨૫૦ થી વધુ જૈન ધર્મની વાર્તાઓ ● મજા સાથે શીખવાનું ● સ્તુતિ-સ્તવન અને ઉપરાંત ઘણી બધી ભેટોની નવાજેશ.

સમજીને કરીએ કર્મોનું વિર્સજન, આવો બાળકો કરીએ સુસંસ્કારોનું સર્જન પામીએ ઉર્જાનું ઉપાર્જનને બનીએ પરમ પથના અમૃત વ્યંજન.

સંપર્ક અંકિતા મોમાયા-૯૯૬૭૭૩૪૯૨૪, રાઈઝીંગ સ્ટાર પાઠશાળા કન્વીનર-વિપુલા ચેતન વીરા-૯૭૦૨૪૮૭૭૯૫

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લીનાબેન મોતા**
તા.૧૮ મે (ઉ.૪૪)
વારાપધ્ધર



**સમીતભાઈ ખોના**
તા.૧૮ મે (ઉ.૫૦)
જખૌ-અંધેરી



**વંદનાબેન લોડાયા**
તા.૨૨ મે (ઉ.૬૯)
તેરા-ડોંબિવલી





**સુશીલાબેન દંડ**
તા.૨૧ મે (ઉ.૭૦)
સેવક ભરૂડીયા-માટુંગા



**કાંતાબેન ધુલ્લા**
તા.૨૨ મે (ઉ.૭૫)
તેરા-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટર દ્વારા બાળ ઊંટને ગુમાવેલા એક પગને બદલે કૃત્રિમ પગ લગાવી જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સેન્ટર દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે અને તેમના પુનરોત્થાન માટે પણ સતત પ્રયત્નશીલ છે. ટ્રસ્ટે પોતાની સેવા માનવ સેવા પૂરતી સીમિત ન રાખી જીવદયા અંતર્ગત જે અબોલ પશુઓ પગ ગુમાવી દેતા હોય અથવા અન્ય તકલીફ થતી હોય તો એ મુશ્કેલી નિવારણ માટે પણ હમેંશા તત્પર રહે છે.

● નાગપુર ખાતે યોજાયેલી ડાયાબિટીસના તબીબોની પરિષદમાં કચ્છના ડાયાબિટીસ નિષ્ણાત ડૉ. નિનાદ જયપ્રકાશ ગોરની પસંદગી એવોર્ડ માટે કરાઈ તેમને પંજાબના પૂર્વ ગર્વનર બનવારી લાલ પુરોહિતના હસ્તે પુરસ્કૃત કરાયા. આ પુરસ્કાર ડૉ.ગોરને ગ્રામીણ વિસ્તારમાં ડાયાબિટીસ કેર સેવા બદલ એવોર્ડ એનાયત થયો. ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ પ્રમાણે ચાલતી હોય એવી આદર્શ ડાયાબિટીસ ક્લિનિક દેશભરમાંથી ભુજની સ્વામિનારાયણ હોસ્પિટલનું ચયન કરવામાં આવ્યું. ડૉ. નિનાદ ગોર તેમજ ડૉ. જગદીશ હાલાઈ સ્વામિનારાયણ હોસ્પિટલ ભુજ ખાતે ડાયાબિટીસ નિદાન અને સારવાર કરી રહ્યાં છે.

● કચ્છ કળા અને કારીગરી માટે વિશ્વભરમાં સુવિખ્યાત છે. કચ્છની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ કચ્છની પરંપરાગત કલા અને કસબ સાથે જોડાયેલા કારીગરો સાથે ધોરડો ખાતે સંવાદ કર્યો હતો અને તેમણે કચ્છી રોગાન આર્ટ, મડવર્ક, ભરતકામ અને વણાટકામ સહિતની કારીગરીનું બારીકથી નિરીક્ષણ કરી માહિતી લીધી હતી. શ્વેત રણના સફાટ સૌંદર્યને મન ભરી માણ્યું હતું. કચ્છની મુલાકાત દરમ્યાન ભુજના સ્મૃતિવન અને હેરિટેજ સાઈટ ધોળાવીરાની મુલાકાત લીધી હતી.

● મહાનગર મુંબઈના ઉપનગર ગોરેગામમાં શ્રીજીવદયા મંડળના નેજા હેઠળ દૈનિક અબોલ જીવોની સેવા થાય છે. દરરોજ સાડા સાતથી સાડા આઠ સમય દરમ્યાન વાગડ જૈન સમાજના ૫૦ જેટલા વીશા ઓસવાલ ભાઈઓ દરરોજ ૩૦૦ કિલો જુવાર કબૂતરોને, ૪૦૦ રોટલા, ૧૦ કિલો ભાત, ૧૬ પેકેટ બિસ્કિટ અને ૧૦ કિલો ગાંઠીયા શ્વાન-કાગડાને બાંગુર નગર, ગોરેગામ વેસ્ટ સ્ટેશન પાસે અંબે માતા મંદિર, ચીંચોલી ફાટક પાસે હનુમાન મંદિર અને પિરામલ નગરમાં આપે છે. આ જીવદયા કાર્ય છેલ્લાં ૧૭ વર્ષથી થાય છે.

● કચ્છ ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ એસોસિએશનના ખેલાડી ૧૧ વર્ષીય ધ્રુવ નરેશ ભંભાણીએ આંતરારષ્ટ્રીય કારકિર્દીનો શાનદાર આરંભ કરતાં વડોદરા ખાતે યોજાયેલી વર્લ્ડ ટેબલ ટેનિસ યુથ કન્ટેન્ડર ચેમ્પિયનશિપ ૨૦૨૫માં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. અંડર-૧૧ બોયસ કેટેગરીમાં આ સિધ્ધ તેણે મેળવી હતી. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ૧૦ દેશોના ૨૦૦ ખેલાડીઓને ભાગ લીધો હતો. દીનદયાલ પોર્ટ ઓથોરિટીમાં ફરજ બજાવતા નરેશ ભંભાણીનો પુત્ર છે તેમજ અમરચંદ સિંઘવી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરે છે અને આદિપુરના હરેશ સંગતાણી સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે ચાલી રહેલી કચ્છ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસો.ની એકેડેમી ખાતે કોચ શંકનિલ બસાક પાસે તાલીમ લઈ રહ્યો છે.

● ભચાઉ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે તમામ ૨૮ બેઠક ઉપર જીત મેળવી સપાટો બોલાવી દીધો હતો. ભચાઉ નગરપાલિકામાં પ્રથમ વખત નગરસેવક તરીકે ચૂંટાઈ આવેલા સભ્યો જ પ્રમુખ, ઉપપ્રમુખ, દંડક અને સતાપક્ષના નેતા તરીકે પદાધિકારીઓ બન્યાં છે. જ્યારે રાપર નગરપાલિકામાં પ્રમુખ પદના મજબૂત દાવેદાર અનુભવી ચહેરાને બદલે ભાજપે પ્રથમવાર ચૂંટાઈ આવેલા ૨૬ વર્ષીય રઘુવંશી સમાજના ચાંદ દિલીપભાઈ ઠક્કર અને ઉપપ્રમુખ તરીકે બબીબહેન માનસંગ સોલંકીની વરણી થઈ હતી.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank